# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ખીલતા આ આયખાને આપણે બસ મોડવાનું
વળગણોનું પોટલું બાંધી પછીથી છોડવાનું !

- મુકેશ દવે

## પાથેય

- રમેશ ઠક્કર

### સુખની ચાવી...

માણસ પોતાની મરજી મુજબ કયારેય જીવતો જ નથી..એ હંમેશાં અન્યના અભિપ્રાયનો મોહતાજ હોય છે.જાણેઅજાણે દરેક વ્યક્તિના મનમાં એવી લાગણી પ્રવર્તતી હોય છે કે સામેની વ્યકિત એના વિશે શું વિચારતી હશે ? માણસની આ નબળાઈ જ એના સમગ્ર વ્યક્તિત્વના નિખાર માટે અડચણરૂપ બની રહે છે.

'પંચતંત્ર'ની બોધકથાઓ અદ્ભુત છે..આ જ મતલબની એક વાર્તા ભણવામાં આવતી..જેમાં એક ગરીબ બ્રાહ્મણને એક યજમાને ખુશ થઈને એક બકરી ભેટમાં આપી હતી..એ ખુશ થયો.એ એને ખભા ઉપર ઉઠાવીને ઘરતરફ જઈ રહ્યો હતો.એને મળેલી આ ભેટ જો એ સાચવી શકે તો એનું જીવન આનંદમય બની શકે એમ હતું.પણ જગત એ રીતે તમને આત્મસંતોષથી જીવવા દે ખરૂં ? રસપ્રદ વાત છે. રસ્તામાં એને ત્રણ ઠગ મળી ગયા.ત્રણેયની નજર બકરી ઉપર હતી.કોઈપણ રીતે એને પડાવી લેવા એ મકકમ બન્યા..એમણે સરસ યુકિત કરી..ત્રણેય જણાએ એ ભૂદેવની આસપાસ ચાલવા માંડ્યું..એક જણે કહયું..'અરે મહારાજ આમ કૂતરૂં ઉચકી કયાં ચાલ્યા ?' બ્રાહ્મણ ઘડીભર મૂંઝાઈ ગયો..એના ખભા ઉપર તો બકરી હતી..ત્યાં થોડેદૂર બીજો ઠગ મળ્યો એણે ફરીથી એને પ્રશ્ન કર્યો 'અરે આમ મરેલું વાછરડું ખભે મુકાતું હશે ?' એ સાચેજ અસમંજસમાં મુકાયો..આગળ ચાલ્યો પણ મનથી ડરી ગયો ત્યાં થોડેદૂર ત્રીજો ઠગ ઉભો હતો.એણે તો મક્કમપણે કહ્યું 'આટલા મોટા વિદ્વાન થઈને આમ ગધેડું ઉપાડી નિકળ્યા છો એ સારૂં લાગે છે ?' અને આ પછી એને માની જ લીધું કે એના ખભા ઉપર બકરી નથી ! અને એણે એ ફંગોળી દીધી. વાતનો સાર એટલો જ કે અન્યના અભિપ્રાયોથી પ્રભાવિત થઈ આપણે મોટાભાગે આપણા સુખને ફંગોળી દેતા હોઈએ છીએ.આપણને આપણી જાત ઉપર શ્રધ્ધા હોતી નથી.ઈશ્વરે આપણને જે તકો આપી હોય કે જે સંજોગોની અનુકૂળતા ઉભી કરી હોય એ માટે પણ અન્ય લોકો શું માનતા હશે ? એ જાણવામાં જ આપણે એનો યોગ્ય ઉપયોગ કરી શકતા નથી..પરિણામે હાથમાં આવેલી ખુશીઓ પેલા ગરીબ ભૂદેવ માફક આપણને સુખ આપી શકતી નથી..આપણું સુખ બીજા કોઈ ઝડપી લે છે. માણસ જો કોઈપણ બાબતે પોતાની રીતે વિચારતો થાય..પોતાના નિર્ણયો માટે પોતાની જાત સાથે જ સંવાદ કરી અમલ કરતો થાય તો જ એ સાચી દિશા પ્રાપ્ત કરી શકતો હોય છે.એને હંમેશાં બીજાની ભંભેરણી કે બીજા તરફથી મળતા શિરપાવનો જ ઇંતજાર રહે છે. આ જગતમાં કોઈપણ વ્યકિત બીજાના સુખ કે આનંદ માટે જીવતી નથી. દરેક પોતાના સ્વાર્થ કે પોતાની નિસબત મુજબ તમને સલાહ આપતા રહે છે..આપણે પોતે જ આપણા પથદર્શક બની એ બધામાંથી આપણું હિત શામાં છે એ શોધી લેવાનું હોય છે..જે માણસ સંતોષની આવી ભૂમિકા ઉપર આવીને ઉભો હોય છે એને જ સુખનો સડસડાટ માર્ગ આપોઆપ મળી જતો હોય છે.

# ઊંડા આત્મદર્શનની તાકીદ

ભારતનું વધુ જીભવગું નામ તો 'હિંદુસ્તાન' છે. મોગલ બાદશાહો અને સુલતાનો કે નવાબોએ જેના પર રાજ કર્યું તે 'ભારત' નહોતું - એને એ તમામ હિંદુસ્તાન જ કહેતા હતા. ત્યાં સુધી કે પાછળથી પાકિસ્તાનનું રાષ્ટ્રગીત લખી આપનારા મહાકવિ ઈકબાલે કે કાલજયી ગીત આપ્યું એની પહેલી પંક્તિ હતી : સારે જહાં સે અચ્છા 'હિંદોસ્તાં' હમારા ! આપણા બંધારણના ઘડવૈયાઓને ના તો દયાનંદ પ્રેરિત 'આર્યાવર્ત' શબ્દ યોગ્ય લાગ્યો કે ના હિંદુસ્તાન. એમણે 'ઈન્ડિયા ધેટ ઈઝ ભારત' કહી અંગ્રેજોએ પાડેલી ઓળખને 'ભારત'ના નામે ઓળખાવવાનું પસંદ કર્યું હતું. દેખીતું છે કે 'આર્યાવર્ત' માં દ્રવિડોની બાદબાકી દેખાતી હતી જયારે દક્ષિણ ભારતમાં એ પ્રજાની બહુમતી છે પણ દ્રવિડોમાં પણ હિંદુ ધર્મ તો અકબંધ રહ્યો છે - કેટલાક ઈસ્લામ તો કેટલાક ખ્રિસ્તી ધર્મ સ્વીકારી અલગ ઓળખ ઊભી કરે છે, એ પણ છે તો આ જ ભૂમિના ફરજંદ.

પાકિસ્તાની માગણી બુલંદ કરી દેશનું વિભાજન કરાવવામાં સફળ રહેલા અને જિંદગીના અંતિમ તબક્કે એ દુષ્કર્મ બદલ ભારોભાર પસ્તાયેલા પાકિસ્તાનના 'રાષ્ટ્રપિતા' મોહંમદ અલી ઝીણા મૂળે તો કાઠિયાવાડી ખોજા જેમની ત્રીજી પેઢી હિંદુ હતી. હિંદુ અને મુસલમાન લોકમાનસમાં એકમેકના વિરુદ્ધાર્થી શબ્દો બની ગયા ત્યાં સુધી આપણે ઊંઘતા જ રહ્યા અને હવે બેઉ કોમોનો સામસામી કરી દેવામાં

**તંત્રીસ્થાનેથી...**

જ સત્તાનાં સમીકરણ ફિટ બેસતાં થઈ ગયાં છે. બલિહારી છે આપણી કહેવાતી લોકશાહીની. એ સાચું છે કે હિંદુ ધર્મ જેટલો ઉદાર અને ઉદાત્ત અન્ય કોઈ જ ધર્મ નથી. એનામાં અભૂતપૂર્વ કહી શકાય એવી લવચીકતા - Flexibility છે. એટલે એમાં શાકાહારી પણ છે અને માંસાહાર પણ માન્ય છે. એમાં લોકદેવતાઓ અને સંતોને પણ ઈશ્વર સમોવડિયા ગણી પૂજવા અને પૂજાવાનો અધિકાર છે. એ પ્રકૃતિનાં સૂર્ય-ચંદ્ર - તારાઓ ઉપરાંત નદી - સમુદ્ર અને વૃક્ષ અને પર્વતમાં પણ ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે છે. અને, એનો વ્યાપ તો મેલડીથી મહાદેવ પર્યંત અને અઠંગ શ્રદ્ધાભક્તિ ધરાવતા વૈષ્ણવથી લઈ ચુસ્ત ચાર્વાક બ્રાન્ડ નાસ્તિક પર્યંત વિસ્તરેલો છે. એટલે ધર્મઝનૂન એ હિંદુને શોભતું નથી. સાધુ સંતો પણ એવી વાત કરે તો સાચા હિંદુને એ ગમતી નથી. એથી તદ્દન જુદી પરિસ્થિતિ મુસલમાનોમાં પ્રવર્તે છે. એમને મુલ્લાં-મૌલવી ફક્ત કુરાન અને હદીસની હદમાં રહીને જ બધું વિચારે છે. હિંદુ તો છડેચોક ગીતાની પણ ટીકા કરી શકે છે. આ ઉદારમતવાદ કે આઝાદી ઈસ્લામમાં નથી. એટલે ફ્રાંસનાં પયગંબરનું કાર્ટૂન પ્રકાશિત કરનારને ઠાર મારવામાં આવે છે અને ગુજરાતમાં પણ કોઈ નાદાન કોમેન્ટ કરી બેસનારા વધુ પડતા ઉત્સાહી યુવાનને જીવ ગુમાવવો પડે છે. હિંદુસ્તાન એ હિંદુસ્તાન છે -એ પાકિસ્તાન, સઉદી અરબ કે અફઘાનિસ્તાન નથી એટલે તો ભારતના મુસ્લિમ નાગરિકોને પણ મોડુવહેલું સમજી લેવું પડશે. હિંદુત્વના નામે રાજકારણ શરૂ થતાં હવે હિંદુ યુવાનોમાં પણ ધાર્મિક અસહિષ્ણુતા પ્રવેશી છે જેનું કરુણ ઉદાહરણ એ ભરવાડનો દીકરો હતો. સરકારે આવી અસહિષ્ણુતા કે કટ્ટરવાદ બેઉ છેડે અટકાવી દેવાનો સમય પાકી ગયો છે. ધર્મ કરતાં, અરે ઈશ્વર કે અલ્લાહ કરતાં પણ, એક માનવીની જિંદગી વધુ મહત્ત્વની છે એ નહીં સમજીએ ત્યાં સુધી આપણે માણસ થઈને માણસના લોહીથી જ રક્તસ્નાન કરતા રહીશું અને પરસ્પર મારતા તેમજ મરતા રહીશું. આટલી સાદી સમજણ માટે કોઈ ધર્મોપદેશક કે ધર્મગ્રંથની જરૂર ખરી ? પૂછો તમારી છાતીમાં ધબકતા આત્માને. એ જે કહે તે જ કરજો - કોઈ સાધુ-મહાત્મા કે કટ્ટર ધર્માંધ મુલ્લા-મૌલવી કે સ્વાર્થી રાજકારણીના ચક્કરમાં પડ્યા વગર!

# સર્વધર્મસમભાવ અને વિશ્વબંધુત્વ




સાબરમતી, અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં સવાર સાંજ પ્રાર્થના અને ભજનો ગવાય. નારાયણ મોરેશ્વર ખરેએ આનું સંપાદન કર્યું. નામ આપ્યું 'આશ્રમ ભજનાવલિ'. ઈ.સ. ૧૯૨૨માં નવજીવન ટ્રસ્ટ, અમદાવાદથી આનું પ્રકાશન થયું. સર્વધર્મ સમભાવ અને વિશ્વબંધુત્વ સંપાદનનાં આ બે વિચારસૂત્રો છે.

આના પુનર્મુદ્રણની જરૂર પડી. હવે નારાયણ ખરે ન હતા. એમનો દેહવિલય થયેલો. એટલે મહાત્મા ગાંધીજી એ પોતે પુનઃસંપાદન કર્યું છે. ઈ.સ. ૧૯૪૭ની આઠમી ફેબ્રુઆરી એ આની પ્રસ્તાવના લખી. અને નવજીવન ટ્રસ્ટે આનું પ્રકાશન કર્યું.

આનામાં કેટલાક અંશો અહીં આપ્યાં છે :

(૧) હરિ ૐ. આ જગતમાં જે કાંઈ પણ જીવન છે, એ ઈશ્વર દ્વારા વસાવેલું છે. એટલે તું ઈશ્વરને ખ્યાલમાં રાખી ને, ત્યાગવૃત્તિ કેળવ. જે કોઈ ભોગ તને યોગ્યતા મુજબ પ્રાપ્ત થાય, એ ભોગવ. પરંતુ બીજા કોઈના ધનની કામના ન કર.

(૨) અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શરીર શ્રમ. અસ્વાદ, અભય, સર્વધર્મ સમાનતા, સ્વદેશીતા, અસ્પૃશ્યતા નિવારણ - આ અગિયાર વ્રતો છે. આ વ્રતોનું પાલન પૂરેપૂરી નમ્રતા અને દઢ નિશ્ચયતા સાથે કરવું જોઈએ.

(૩) દુષ્ટ શૈતાનથી હું બચતો રહું, એટલે માટે જ હું અલ્લાહનું શરણું લઉં છું.

(૪) હું સૌથી પહેલાં અલ્લાહનું નામ લઉં છું. એ અત્યંત કૃપાવાન છે, મેહરબાન છે. મારી આ પ્રકારની સ્તુતિ એને યોગ્ય છે, એ ભગવાન છે. એ સમગ્ર વિશ્વને પોષનારા અને ઉદ્ધાર કરનારા છે. અતિશય દયાળુ છે. કમાયતના દિવસના આ જ નિયંતા છે. એ વખતે મારા પાપ અને પુણ્યનું ફળ આપવું, એને અધી છે. અમે તમારી આરાધના કરીએ છીએ. તમારી જ મદદ માંગીએ છીએ. અમે અમને એ સીધા રસ્તે લઈ જાવ, જે રસ્તે તમારી કૃપાનો પ્રસાદ મળતો હોય. જયાં તમારી પ્રસન્નતા ન હોય, જે માર્ગ ભૂલ્યા ભટક્યાનો હોય, ત્યાં અમને ન લઈ જાવ. આમીન (તથાસ્તુ.)

(૫) એ અહુરમઝદ, આપ અપને સર્વોતત્મ ધર્મને લગતા વચનો અને કર્મો વિશે કહો. આને આધારે અને નીતિને રસ્તે ચાલતા રહીએ અને તમારા ગૌરવનું ગૌન કરીએ. તારી જે રીતને ઈચ્છા હોય, એ રીતે મને આગળ વધાર. મારી જિંદગી સ્ફૂર્તિથી ભરી દે અને મને સ્વર્ગીય સુખ આપ.

(૬) સદ્ધર્મ પુંડરિક સૂક્તને પ્રમાણ.

(૭) વિપત્તિઓ ખરેખર વિપત્તિઓ છે જ નહિ, એ જ રીતે ધન-દૌલત પણ ખરેખર સંપત્તિ નથી. વિષ્ણુનું વિસ્મરણ એ જ વિપત્તિ છે અને નારાયણનું સ્મરણ જ સંપત્તિ છે.

(૮) હે ભાઈ ! બીજાનું હિત કરવું, એનાથી મોટો કોઈ ધર્મ નથી. બીજાને પીજા આપવી, એના જેવી કોઈ અધમતા નથી.

## દિન મહિમા

- વિશ્વ કેન્સર દિવસઃ વિશ્વ કેન્સર દિવસ ૨૦૨૨-૨૦૨૪ ઝુંબેશની થીમ, ક્લોઝ ધ કેર ગેપ, વિશ્વભરના ઘણા લોકો માટે જરૂરી સંભાળ મેળવવામાં અસ્તિત્વમાં રહેલા અવરોધોને ઓળખવા અને દૂર કરવા વિશે છે.
- ૧૯૭૪ - સત્યેન્દ્રનાથ બોઝ, ભારતીય ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રીની પુણ્યતિથિ

## આજનું ઔષધ

- એક ચમચી ગોખરુ ચણુ વનો ઉકાળો સવાર-સાંજ પીવાથી પથરી તુટી જાય છે.

## ખડખડાટ

- કોઈના સદગુણ લૂંટતા શીખી જઈએ તો વાલિયા માંથી વાલ્મિકી થવું કઈ અઘરું નથી

## આજનો વોટ્સએપ

- ગયા વર્ષે આ જ દિવસો હતા જ્યારે કૂતરાઓ ને લાગ્યું હતું કે માણસો ને નગર પાલિકા વાળા ઉઠાવી ગયા.

# લોકડાઉન ૨૦૨૦-૨૧

# નિર્જળા એકાદશીને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

## ગુજરાતનો સાંસ્કૃતિ વારસો




૧ શંકરદાનજી દેથા કયા રજવાડાના રાજકવિ હતા ?
(અ) ગોંડલ (બ) ભાવનગર
(ક) રાજકોટ (ડ) લીમડી

૨ નાનાભાઈ અને મોટાભાઈ કઈ જાતિના પેટા વર્ગો છે?
(અ) ભરવાડ (બ) આહીર
(ક) ચારણ (ડ) કોળી પટેલ

૩ હર્ષદમાતા મંદિર કયા સ્થળે આવેલ છે?
(અ) સિદસર (બ) મિયાણી
(ક) વૌઠા (ડ) ભાવનગર

૪ નિર્જળા એકાદશીને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?
(અ) દિવાસો (બ) જળજીલણી એકાદશી
(ક) હળોતરા (ડ) ભીમ અગિયારસ

૫ માધવપુરનો મેળો કયાં જિલ્લામાં ભરાય છે ?
(અ) જૂનાગઢ (બ) જામનગર
(ક) પોરબંદર (ડ) કચ્છ

૬ ગોહિલવાડ પંથકની કોળી બહેનોનું જાણીતું લોકનૃત્ય કયું છે ?
(અ) ઘેરિયા નૃત્ય (બ) ઢોલોરાણો નૃત્ય
(ક) મેરાયો નૃત્ય (ડ) મરચી લોકનૃત્ય

૭ પ્રભાશંકર સોમપુરા લિખિત 'દીવાર્પણ' પુસ્તક કયા વિષયને લગતું છે?
(અ) વાસ્તુશાસ્ત્ર (બ) શિલ્પ સ્થાપત્ય
(ક) જયોતિષશાસ્ત્ર (ડ) ખગોળશાસ્ત્ર

૮ કઈ જાતિના લોકો અખાત્રીજના દિવસે માટીના હાથીની પૂજા કરે છે ?
(અ) કાયસ્થ બ્રાહ્મણો (બ) આહીર
(ક) અગરીયા (ડ) ખારવા

૯ સૌરાષ્ટ્રમાં ચાર મલિયાદાદા તરીકે કોની પૂજા થાય છે?
(અ) વાઘ (બ) નંદી
(ક) નાગ (ડ) કાચબા

૧૦ કયું વાદ્ય દેવી વાદ્ય ગણાય છે?
(અ) સંતુર (બ) વીણા
(ક) જંતર (ડ) વાંસળી

૧૧ તણછાઈની વિશિષ્ટ કલા કયા શહેર સાથે સંકળાયેલ છે?
(અ) ખંભાત (બ) સંખેડા
(ક) જામનગર (ડ) સુરત

૧૨ ખારવા લોકોની કુળદેવીનું નામ શું છે ?
(અ) શિકોતર માતા (બ) જોગણી માતા
(ક) વેરાઈ માતા (ડ) હરિસિદ્ધિ માતા

૧૩ ગુજરાતના કયા સ્થળને મોક્ષપુરીનું સન્માન મળે છે?
(અ) સિદ્ધપુર (બ) શામળાજી
(ક) દ્વારકા (ડ) તુલશીશ્યામ

૧૪ વર્ષમાં એકજ વાર ખુલતું કાર્તિકેય સ્વામી મંદિર કયા સ્થળે આવેલું છે?
(અ) સિદ્ધપુર (બ) ખેડબ્રહ્મા
(ક) ડભોઈ (ડ) શામળાજી

૧૫ શેષષાયી વિષ્ણુ ભગવાનનું મંદિર કયાં આવેલું છે ?
(અ) તળાજા (બ) ચાણોદ
(ક) ભાડભૂત (ડ) કાયાવરોહણ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૪ ફેબ્રુઆરી :
  - બિરજુ મહારાજનો જન્મદિવસ (૧૯૩૮)
  - જર્મન મ્યુઝિશિયન અને કંપોઝીટર ફેનિક્સ મેન્ડેલસનનો જન્મદિવસ (૧૮૦૯)
  - અમેરિકન અવકાશયાત્રી એલીન કોલીન ડિસ્કવરી સ્પેસ શટલની પહેલી મહિલા પાયલોટ બની (૧૯૯૫)
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ વુડ્રો વિલ્સનનું ૬૭ વર્ષની વયે નિધન થયું (૧૯૨૪)
- ૦૫ ફેબ્રુઆરી :
  - જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીનો જન્મદિવસ (૧૯૩૮)
  - અમેરિકાનું અંતરીક્ષયાન એપોલો-૧૪ ચંદ્ર પર ઉતર્યું (૧૯૭૧)
  - મશહુર અમેરિકન બેઝબોલ પ્લેયર હેન્ક એરોનનું જન્મદિવિસ (૧૯૩૪)
  - અભિનેતા અભિષેક બચ્ચનનો જન્મદિવસ (૧૯૭૬)
- ૬ ફેબ્રુઆરી :
  - અંગ્રેજોએ જહાંગીરની મંજુરીથી સુરતમાં કોઠી શરૂ કરી (૧૬૧૩)
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગનનો જન્મદિવસ (૧૯૧૧)
  - ઈલોન મસ્કની કંપની દ્વારા સ્પેસેક્ષ ફાલ્કન હેબ રોકેટનું સફળ પરિક્ષણ થયું (૨૦૧૮)
  - જમાઈકાના મશહુર સિંગર બોબ માર્લીનો જન્મદિવસ (૧૯૪૫)
- ૭ ફેબ્રુઆરી :
  - ગુજરાતી ભાષાના કવિ શાયર જગન્નાથ ત્રિપાઠીનો જન્મદિવસ (૧૮૮૩)
  - મશહુર બ્રિટીશ લેખક ચાર્લ્સ ડીકશનનો જન્મદિવસ (૧૮૧૨)
  - અબ્દુલ્લા-૨ જોર્ડનના રાજા બન્યા (૧૯૯૯)
  - અમેરિકાના ઈતિહાસમાં આવેલ સૌથી મોટી ભૂકંપમાંનો એક ભૂકંપ આજના દિવસે થયો હતો (૧૮૧૨)
- ૮ ફેબ્રુઆરી :
  - પંડિત સુખલાલજીનો જન્મદિવસ (૧૮૮૦)
  - ભારતીય ક્રિકેટર મહંમદ અઝરુદ્દીનનો જન્મદિવસ (૧૯૬૩)
  - આર્જેન્ટીનાના પૂર્વ પ્રમુખ મુરોશિયો માર્સીનો જન્મદિવસ (૧૯૫૯)
  - ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેનની જન્મજયંતિ (૧૮૯૭)
- ૯ ફેબ્રુઆરી :
  - અભિનેત્રી ઉદીતા ગોસ્વામીનો જન્મદિવસ (૧૯૮૪)
  - રોબર્ટ કલાઈવ લોઈડે સિરાજ-દોલા પાસેથી કલકત્તાનો કબજો લીધો (૧૭૫૭)
  - જર્મન વૈજ્ઞાનિક પીટર એમ્બ્રુસ્ટર અને તેમની વૈજ્ઞાનિક ટીમે ૧૧૨ પરમાણું ક્રમાંક ધરાવતું કોપરનીકમ ધાતુની શોધ કરી (૧૯૯૬)
  - સાઉથ આફ્રિકાના સાહિત્યકાર અને નોબેલ પારિતોષિક વિજેતા જે.એમ. કોટઝીનો જન્મદિવસ (૧૯૪૦)
- ૧૦ ફેબ્રુઆરી :
  - જે.આર.ડી. ટાટા પાયલોટનું લાયસન્સ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા (૧૯૨૯)
  - અમેરિકન સ્વીમર માર્ક સ્પીઝનો જન્મદિવસ (૧૯૫૦)
  - નાશાનું સ્પેશક્રાફ્ટ ગેલેલીયો શુક્રની બાજુમાંથી પસાર થયું (૧૯૯૦)
  - મહાત્મા ગાંધીએ કાશી વિદ્યાપીઠનું ઉદ્ઘાટન કર્યું (૧૯૨૧)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

કોંગ્રેસના કયા પૂર્વ કેન્દ્રીયમંત્રી કોંગ્રેસ છોડીના ભાજપમં જોડાયા ?

જવાબ : અર્પણા યાદવ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) મુળજીભાઈ પરમાર : સે-૭ (૩) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૪) રુચિત એ પટેલ : રાંદેસણ (૫) મહેશ જાદવ : રાયસણ (૬) નટુભાઈ દરજી : પેથાપુર (૭) ભરતભાઈ મોદી : પેથાપુર (૯) શિવાંગ બી પટેલ : સરગાસણ (૧૦) એન બી ચુડાસમા : સેકટર-૩બી

### આ સપ્તાહનો સવાલ

જયંત ચૌધરી કઈ રાજનૈતિક પાર્ટીના અધ્યક્ષ છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# પોલીટિક્સની પોલી (ખોખલી) ટ્રિક્સ !

## 'વર વરો, કન્યા મરો ગોરનું તરભાણું ભરો'




ઠંડીના કારણે વચ્ચે કરેલા નાનકડા તાપણે હથ શેકતા અમે ચાર-પાંચ જણા ચોકઠામાં પરિષદ ભરીને બેઠા હતા.... દહીં-દૂધના ભાવથી માંડીને દેશના જીડીપી ગ્રોથ અને નાણામંથી નિર્મલા સીતારામને રજૂ કરેલા બજેટ થતા ફાફટા ચરણીથી લઈને ફોરેન પોલિસી સુધીના વિષયો પર ટાઈમ પાસ હેતુથી (નિરર્થક) ચર્ચાઓ ચાલી રહી હતી. ત્યાં માથે બુઢિયા ટોપી, ગળે મફલર, જાડા સ્વેટર ઉપર શાલ લપેટીને, અંધકાર ચીરતી એક આકૃતિ આવી.... નજીક આવી ત્યારે ઓળખાઈ કે એ આકૃતિ વિચિત્ર ને વિશિષ્ટ પ્રકૃતિ ધારી તો અમારી ચોકઠા મંડળીના જાતે બની બેઠેલા પ્રમુખ લાલાકાકા સ્વયં હતાં !

'આવો અંકલ, અહીં ગોઠવાઈ જાવ ને ગરમ થાવ.' કહેતાં અમે સહેજ ખશીને તાપણા પાસે રેડ અંકલને જગ્યા કરી આપી.

'પનુભાઈ, કાકાને ગરમ થવા તાપણાની કયાં જરૂર છે? એકાદ મુદ્દો ઉપાડો કે એ ગરમ લહાય જેવા થઈને દલીલો કરવા માંડશે !!'

અંકલને ઉશ્કેરવા ને ચોકઠાં પરિષદમાં - વાતાવરણમાં ગરમાવો લાવવા દરજીભાઈએ આદત મુજબ સળી કરી....ને આગમાં પેટ્રોલનું ટીપું પડે ને ભડકો થાય એમ કાકા ગજર્યા : હાળા કાતર, મેજર ટેપ!! તારાથી ચૂપ નથી રહેવાતું, હેં ? ના, ના... હું ગમે તે મુદ્દા પર ગરમ થઈને બૂમબરાડા પાછું છું - બકવા માંડુ છું, એમ?

'અરે, અંકલ.... જવા દો ને... દરજીને તો મજાક કરવાની ટેવ છે... બેસો, તમે...'

પંચાલભાઈએ મોંમાં ભરેલા માવાની પિચકારી એક તરફ મારીને, લાલાકાકાને ઠંડા પડવા કહ્યું.

'હાં, અંકલ.,... ઈકડે બસા.' કુલકર્ણીજીએ એમને આવકાર્યા : સઘળા ઠીક સાહેબ કા ? મજામાં ને?'

'શું ધૂળ ને ઢેફાં મજામાં ?' ક્રોધ ને કડવાશભર્યા સ્વરે બોલતાં અંકલ નીચે ગોઠવાયા.

'શું થયું ? કેમ દુઃખી થઈ ગયા છો?' અમે પૂછયું.

'અરે, દુઃખી તો થઈ જ જવાય ને! ચારેકોર ભેળશેળ ચાલી રહી છે... કશું શુદ્ધ-ચોખ્ખું - પ્યોર નથી જોવા મળતું !' અંકલે એમના દુઃખ ચોક્કસ-સ્પષ્ટ કારણ જણાવ્યા વિના ઉકળાટ ઠાલવ્યો.

'એકદમ બરોબર સાંગલા, તમે અંકલ. ખોરાખમાં ભેળસેળ, દૂધ-ઘીમાં ભેળસેળ, મરચાં-જીરું-હળદરમાં મિલાવટ... સઘળા અશુદ્ધ... નથીંગ પ્યોર નાઉ - એ - ડેઝ.' કુલકર્ણીજી અંકલની વાતને પુષ્ટિ કરતાં મરાઠી, ગુજરાતી, હિન્દી, અંગ્રેજીની ભેળસેળ કરીને બોલ્યા.

'હં.... હું તો કહું છે કે ભગવાનને ત્યાંય ફાઈલોની ગરબડ ચાલુ થઈ ગઈ લાગે છે.... એટલે જ આજકાલ ઋતુઓમાં ય ભેળસેળ થઈ ગયેલી જોવા મળે છે ને !'

'એટલે ?' લાલાકાકાની આવી અવળચંડી કોમેન્ટથી ચમકેલા અમે બધા 'કોરસ'માં બોલી ઉઠ્યા.

'શું એટલે પૂછો છો ? તમને દેખાતું ને અનુભવાતું નથી? દેશમાં ઠંડીની મૌસમ છે ત્યારે ય કયાંક ને કયાંક વરસાદ વરસી જાય છે... સમજાતું જ નથી કે સીઝન શિયાળાની છે કે ચોમાસાની !!' રેડ અંકલે એમની અકળામણનું રહસ્ય ખોલ્યું : 'આને ઈશ્વરે ઋતુઓમાં કરેલી ભેળસેળ જ કહેવાય કે બીજું કંઈ ?'

'હા, કાકા... તમારી વાત સાચી છે... સમજાય જ નહીં કે આપણે ત્યાં કઈ સીઝન ચાલે છે!' અમે કહ્યું...

'પણ પનુભાઈ, ગમે તે સીઝન હોય. હાલ દેશમાં એક સીઝન-મૌસન જોરદાર ચાલે છે....' અંકલે ફરી ગુગલી બોલ ફેંક્યો.

'અલ્યા ભાઈ, આ આયારામ - ગયારામની ... પક્ષ પલટાની સ્તો !!'

'રાઈટ... જે જે રાજયોમાં ઈલેકશન હમણાં છે ત્યાં અને બીજે બધે પાટલી બદલુઓની મૌસમ પૂરબહારમાં જામી છે એની ના નહીં.... ' દરજીભાઈ ઉવાચ...

પોતાની વાતને અનુમોદન મળતાં રેડઅંકલ જામી પડ્યા : 'તો પછી હું ખોટું કહું છું?' રોજ 'ન્યૂઝ'માં ભગવો છોડીને બે જણે લાલ ટોપી પહેલી લીધી કે પંજો છોડાવીને ભાગીને ચાર જણે કેસરિયો ખેસ ધારણ કરી લીધો, કોઈ કે 'આપ' માં એડમિશન લીધું તો ફલાણાએ 'આપને' આવજો કરી દીધું એવા જ સમાચારો વાંચવા - સાંભળવા મળે છે ને આજકાલ - કહોને કે ઈલેકશન અવસરે દરેક પક્ષના બારણે 'એડમિશન ઓપન' નાં પાટિયાં ઝૂલવા માંડે છે.'

લાલાકાકાની વાત ખોટી નહોતી પણ ચર્ચાને ચગડોળે ચઢાવવા અને હવામાં 'ટીટવેઈવ' લાવવા અને ગતકડું મૂક્યું : 'પણ અંકલ, જેને પોતે જે પક્ષમાં હોય તેની કામગીરીથી સંતોષ ના હોય, નારાજગી હોય એ તે છોડીને જાય પણ પલ્ટો કરે તો ખરો ને!'

'જાય.... પણ બધાંને ચૂંટણી ટાણે જ ભાન થાય છે કે આ પક્ષ સારો નથી.... એણે અમારા સમાજ માટે કંઈ કર્યું નથી માટે ત્યાં રહેવું નથી...' અંકલે દલીલ કરી : 'કોઈ નેતાની બહેનને ચૂંટણી વખતે જ ભાન પડે છે કે મારો ભાઈ મારી માનું ધ્યાન રાખતો નથી.... એ ફેમીલી માટે નકામો છે વગેરે વગેરે...., હેં ?'

'પણ....' દરજીએ કઈક આર્ગ્યુમેન્ટ કરવા પ્રયત્ન કર્યો ત્યાં જ દરજીભાઈને બદલે લાલાકાકાએ જ વચ્ચે કાતર ચલાવી : 'પણ... બણ કશું નહીં... બધું કા નાક દબાવી કામ કઢાવવાની ચાલ કે પછી બધું સ્પોન્સર્ડ હોય છે, સમજ્યાં ?' અથવા એને લાગે છે કે હવે આ પાર્ટીમાં આપણું કંઈ ઉપજે એમ નથી કે વળતાં પાણી છે એટલે ત્યાં એનો હરિ રસ ખાટો થવા માંડે છે તે ઈલેકશન ટાંકણે પ્રેશર ઊભું કરવા ટ્રાય કર્યા પછી ય કોઈ ભાવ ના આપે ત્યારે 'આ દ્રાક્ષ તો ખાટી છે.' કહીને નીકળી જતા હોય છે !! પનુભાઈ, આ બધી પોલીટિક્સની પોલ-ખોખલી ટ્રિક્સ છે સમજ્યાં ?

અને પછી અત્યાર સુધી જે પાર્ટીને ગાળો દીધી હોય તે જ પક્ષ એને પોતાનામાં સમાવી લેવાની જાહેરાત ને આવકાર સમારોહ કહે છે અને છોડીને જનારા જે નેતા કાર્યકર એને માટે સારા હતા એ હવે એકદમ સાવ નકામા-પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા...' હોવાની પીપૂડી -તતૂડીઓ વાગવા માંડે છે....'

પંચાલભાઈએ એમનું પોલિટિક્સ નોલેજ પ્રદર્શિત કર્યું....

કાકા બોલ્યા : 'જતે દહાડે દરેક પક્ષમાં એનાં મૂળ કુળને ગોત્રના સભ્યો કરતાં આયાતી સભ્યોની સંખ્યા વધી ના જાય તેની સાવચેતી રાખવી પડશે... અને ભાઈઓ, ન્યૂઝ ચેનલોનોય ભારે ત્રાસ નથી! હજી જનતા વોટિંગ કરીને પોતાના પ્રતિનિધિને ચૂંટે એ પહેલાં જ કયાંથી કોણ જીતશે ને કોણ હારશે, કોણ મુખ્યમંત્રી બનશે તે કોણ ગાદી ગુમાવશે વગેરે વિશે ભાત ભાતની રીતે ગણિતો માંડી, 'પોલંપોલ' જેવાં 'ઈલેકશન પોલ' કર્યે રાખે છે....'

'લાલાકાકા, તમે કેમ સમજતા નથી... ન્યૂઝ ચેનલ્સને ય પોતાની દુકાનો યેનકેન પ્રકારેલ ચાલુ રાખવી તો પડે કે નહીં ?' અમે જણાવ્યું.

'હં.... જેમ નેતાઓ પક્ષના - પોતાના વિજય માટે જાતજાતના પ્રલોભનો આપે, ભાતભાતની વાતો ઘડી કાઢે, સામેના ઉમેદવારોના અંગત જીવનમાંથી કંઈક શોધી લાવી એની ઉપર કાદવ ઉછાળે, પોતે શું કર્યું એના કરતાં પેલાએ શું નથી કર્યું ની ડમડમવગાડે છે એમ જ.'

અંકલે કહેવાનું ચાલું રાખ્યું : એમને તો પ્રજાનું જે થવાનું હોય તો થાય... આપણું કામ થવું જોઈએ.... 'વર મરો કન્યા મરો, ગોરનું તરભાણું ભરો...' માફક. યેનકેન પ્રકારેણ પોતાની દુકાન ચાલતી રહેવી જોઈએ !!'

'યસ અંકલ... જેમ તમે તમારી દુકાન ચાલુ રાખવા અમારી આગળ ગમે તે વિષય ને ગમે તે મુદ્દા ઉપર આડેધડ બેટિંગને બોલીંગ કર્યે રાખો છો એમ...' કહીને દરજીભાઈ ઊભા થઈને આઘા ખસી ગયા...

'શું બોલ્યો હાળી કાતર, સોય - દોરા ? હું આડેધડ....' ગુસ્સાથી કાંપી રહેલા અંકલ આગળ ન બોલી શકતાં ઊભા થઈને પોતાની મૂળા જેવી મૂછો ચાવવા લાગ્યા...

ને તાપણું ટાઢું પડી જવા છતાં વાતાવરણ એકદમ 'હોટ' થઈ જતાં અમારી મંડળી પણ ઊભી થઈ ગઈ.